ક્રિમીનલ કેસ નં. ૩૯૪૨૫–૨૦૦૨

**આંક–૧ લગત હુકમ**

(૧) કેસનું રેકર્ડ વંચાણે લીધું. સરકાર તરફે વિ. એ. પી.પી.શ્રી સાંભળ્યા.

(૨) આરોપી વિરૂધ્ધ ઇ. પી. કો. કલમ– ૨૭૯, ૩૦૪–અ, એમ.વી.એકટન ૧૭૭, ૧૮૪ વિગેરે મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં ફાઇલ કરવામાં આવેલ છે. જેમાં આરોપીને વારંવાર સમન્સ/ વોરંટની બજવણી કરવામાં પોલીસ નિષ્ફળ ગયેલ છે. વધુમાં, આ કામે રેકર્ડ તપાસતા આરોપીને જામીન મુકત ક રવામાં આવેલ છે કેમ કે જામીનદારને પ્રોસેસ બજેલ અંગે કોઇ કાર્યવાહી થઇ શકેલ નથી. આ કામ સમન્સ પધ્ધતીથી ચલાવવાનું હોઇ તેના ઉપર સમન્સ ટ્રાયલની જોગવાઇ લાગુ પડે છે. આ કેસનું સમગ્ર રેકર્ડ જોતાં કેસ ધણો જુનો છે તથા આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી શક્યતા નથી તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટના સરકયુલર નં. ડી/૨૯૧૭/૨૦૦૬, તા. ૧૭–૧૦–૨૦૦૬ ને ધ્યાને લેતાં આ કેસની ઇન્સાફી કાર્યવાહી ચાલુ રાખવામાં આવે તો તેના તાર્કિક અંત સુધી જઇ શકાય તેમ નથી. વધુમાં, પ્રમોદકુમાર લાલબહાદુર વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો એ. આઇ.આર. ૨૦૦૨–૧૮૫૬ નો ચુકાદો તથા નામદાર ગુજરાત હાઇકોર્ટના દસ વર્ષ જુના કેસોનો ઝડપી નિકાલ કરવાના આદેશને ધ્યાનમાં લેતાં જે તે કોર્ટ જ નિર્ણય લઇ શકે કે કયા કેસમાં કલમ– ૨૫૮ મુજબ કાર્યવાહી કરી શકાય. વધુમાં, જી.એસ.એલ.એસ.એ. ના સરકયુલર નં. ૧૭૮/૨૦૧૮ મુજબ સદરહું કેસ આગળ ચલાવવો યોગ્ય અને ન્યાયોચિત જણાતો ના હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

આરોપી સામેના પ્રસ્તૃત કેસની ઇન્સાફી કાર્યવાહી ક્રિમી. પ્રોસી. કોડની કલમ– ૨૫૮ અન્વયે પડતી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

તમે છતાં પોલીસ આરોપીની શોધ કરી મળી આવે તો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦(૫) અન્વયે ફરી ચાર્જશીટ કરી શકશે.

હુકમ આજ રોજ તા. ૧૩ મી, માહેઃજુલાઇ, સને ૨૦૧૯ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૩/૦૭/૨૦૧૯
**વડોદરા**
ડી.જે. વાણીયા/પી.એ.

**(માયાદેવી રામબચન શુકલા)**
**જી.જે.૦૦૬૮૧**
**પાંચમાં એડી. ચીફ. જયુડી. મેજી**
**વડોદરા**